



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ - ૧૪ : 'કાયસ્થના અવિવેકનું, લંબકર્ણનું'*

*૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭, બ્રહ્મજ્યોતિ, મોગરી*

(ઑક્ટોબર માસના અંકથી ચાલુ... આ અંકે પૂર્ણ...)

**પછી નાજે જોગિયે પૂછ્યું જે, "એકનું ક્રોધે કરીને ભગવાનમાં મન જોડાયું છે ને એકનું ભયે કરીને ભગવાનમાં મન જોડાયું છે અને એકનું તો સ્નેહે કરીને ભગવાનમાં મન જોડાયું છે, એ ત્રણમાં કયો શ્રેષ્ઠ છે ?**

સરસ પ્રશ્ન પુછાયો છે. આપણે જાણીએ છીએ કે, ભૂતકાળમાં રાવણ, કંસ, શિશુપાળ, કાલીદત્ત જેવા આસુરી જીવોએ વેરભાવે ક્રોધે ભરાઈને ભગવાનમાં મન જોડ્યું હતું, તો ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ અને સ્વામિનારાયણ ભગવાને તેઓનો વધ કરીને પણ પોતાના સંબંધે કલ્યાણ કર્યું.

વળી, ઘણા માણસો-ભક્તો મૃત્યુના ડરથી, પાપ-પુણ્યથી, બીમારી, અકસ્માત કે વરસાદ ન પડતાં ખેતી રવડે, વેપારમાં ખોટ જશે તો ? તેવા ડરથી ભગવાનમાં મન જોડી ભજન કરે છે.

અને વાનરો, હનુમાનજી, રાધિકાજી, ગોપીઓ, મીરાં, સંતો, પરમહંસોએ હેતે કરીને ભગવાનમાં પોતાનું મન જોડ્યું... તેમાં શ્રેષ્ઠ શું ?

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેનું હેતે કરીને ભગવાનમાં મન જોડાયું તે શ્રેષ્ઠ છે."**

***પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, ભગવાનનો ભક્ત હોય પણ જેને શ્રીજી મહારાજે કહ્યું એવો સાર-અસારનો વિવેક તે ન હોય ને વૈરાગ્ય પણ ન હોય, તેને એવો વિવેક તથા ભગવાન વિના બીજા પદાર્થમાં વૈરાગ્ય તે કેમ થાય ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જો પ્રથમ જ ભગવાનમાં દૃઢ હેત થઈ જાય તો વિવેક ને વૈરાગ્ય તે હેતને યોગે કરીને પ્રકટ થાય છે. અને જેને જે પદાર્થમાં હેત થાય છે તેને હેત કહીએ અથવા કામના કહીએ. તે જે જે પદાર્થમાં***

***હેત હોય ને તેમાં જો કોઈક અંતરાય કરે તો તે ઉપર ક્રોધ થઈ જાય છે. તે માણસના દેહમાં તો થાય પણ પશુને પણ ક્રોધ થઈ જાય છે. જેમ પાડો હોય તે કામનાએ કરીને ભેંસ ઉપર આસક્ત થયો હોય ને બીજો પાડો આવે તો તેને મારી નાંખે છે, એવી રીતે પશુ-પક્ષીમાં સર્વત્ર દેખાય છે. તેમ જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય તેને જે પદાર્થ તે પ્રીતિમાં અંતરાય કરવા આવે તો તે ઉપર તુરત ક્રોધ થઈ જાય ને તે પદાર્થનો તત્કાળ ત્યાગ કરે. માટે જો ભગવાનમાં દૃઢ હેત હોય તો એની મેળે જ વૈરાગ્ય ને વિવેક થઈ આવે છે.***

કોઈ પદાર્થ, કોઈ ચીજ-વસ્તુ આપણને જોઈતી હોય ને એની ના પાડે, આપણને ના મળે તો ગુસ્સે થઈ જઈએ. પણ ભગવાનમાં હેત હોય તો અંતર્દૃષ્ટિ થાય કે, મારે તો એક મારા ભગવાનને રાજી કરવા છે. તે સિવાય બીજે મન જાય છે તે અવિવેક છે. મને ભગવાન સિવાય બીજામાં સુખ મનાયું છે તે દર્શન કરાવવા પ્રભુ આ પ્રસંગ ગોઠવે છે. તેમ અંતર્દૃષ્ટિ કરી, પશ્ચાત્તાપ કરી, પ્રાર્થના કરતો રહે છે. એકવાર, બેવાર... પણ કાયર ન થતાં સતત આ રીતે પ્રભુબળે લડત લેતો રહે તો આવા વિવેકથી એક દિવસ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં બધી લડત પૂરી થઈ જશે. વૈરાગ્ય ઉદય થતાં સુખિયો બની રહેશે.

***પછી વળી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, "બુદ્ધિમાન તો બેય પુરુષ છે. તેમાં એક તો જેમ પરમેશ્વર કહે તેમ જ માની લે એવો વિશ્વાસી છે અને બીજો તો પરમેશ્વરનાં વચન હોય તેમાં પણ માનવું ઘટે તેટલું જ માને, એ બેમાં કયો શ્રેષ્ઠ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે."***

વિશ્વાસુ - ભગવાનમાં જેને પરમ વિશ્વાસ હોય. વિશ્વાસ એટલે કે, આ મારા કલ્યાણદાતા છે, મારું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિત મારા પ્રભુ જ કરશે. મારા ગુરુ જ કરશે એવો જેને વિશ્વાસ છે ; એ શ્રેષ્ઠ છે.

***તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે, 'જે મારે દૃઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું.' માટે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે.***

જોયું ! જેમ બાળકને કહેવું નથી પડતું પણ મા એના બાળકની રક્ષા કરે છે. કારણ, તો એ બાળક માના વિશ્વાસે છે. એમ પ્રભુ કહે છે, જેને મારામાં પરમ વિશ્વાસ છે એની વણ કહ્યે રક્ષા હું જ કરું છું. આ સંતોએ પ્રભુના વિશ્વાસે ઝંપલાવ્યું ને ! આ જુવાનજોધ દીકરાઓને તમે જુઓ, વીસ-બાવીસ વર્ષના છોકરાઓ હતા. શું એમને એવો અનુભવ થયો હતો ? શું એમને દુઃખની અનુભૂતિ થઈ હતી ? ભગવાનમાં, સંતમાં અસાધારણ પ્રેમ ! અશ્વિનભાઈ, શાંતિભાઈ ને મોટેરા સંતોને વિશે અસાધારણ પ્રેમ ! તો એમના વિશ્વાસે કે એ અમને સુખી જ કરશે. એમના થઈને જીવન જીવીશું તો સુખિયા જ થઈશું એવા પરમ વિશ્વાસથી ઊંધું ઘાલીને ખાબક્યા. બધા જ સંતો - જેઓ યોગીબાપા, પ્રમુખસ્વામી, મહંતસ્વામી, હરિપ્રસાદ સ્વામીના હેતે-વિશ્વાસે ખાબક્યા છે, અમો સૌ યોગીબાપાના હેતના કારણે ખાબક્યા છીએ ; પછી તે ભગવાંધારી સંતો હોય કે વ્રતધારી સંતો હોય કે વ્રતધારી સંત બહેનો ! તેઓએ ભગવાનના ને સંતના વિશ્વાસે ઝંપલાવ્યું તો એમની ખાવાની, પીવાની, રહેવાની બધી વ્યવસ્થા કોણે કરી ? કોઈ કમાવા ગયાં હતાં ? જ્યારે જરૂર પડે ત્યારે એવી ચીજ-વસ્તુની વ્યવસ્થા ભગવાન જ કરે છે.

હવે સંતોએ ભગવાનને રાજી કરવાનો જ એક આલોચ રાખવાનો. 'મને આ ગમે છે, મારે આ જોઈએ છે, મારે અહીં જવું છે - એવું બધું છોડી ગુરુમુખી જીવવાનું છે. તો જે 'પ્રથમ વચનામૃત'માં કહ્યું તે પ્રમાણે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે. તો પછી માંગો એ મળે ને શોધો એ જડે. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાનો આલોચ રાખવાનો. સંસારમાંથી બધું છોડીને ભગવાનના વિશ્વાસે ખાબક્યા છીએ એ બહુ મોટું કામ કર્યું છે. તો આપણી બધી દેખભાળ, આપણી બધી ચિંતા ભગવાન જ કરવાના છે. આપણે આપણી ચિંતા કરવાની જરૂર નથી, પણ કરીએ છીએ એ આપણી બાળકબુદ્ધિ છે. ભગવાનમાં આ સંતોએ જે પરમ વિશ્વાસ રાખ્યો છે. ભક્તોએ પણ ! જે ગૃહસ્થો છે તેઓએ પોતાનું ધન-ધામ, કુટુંબ. પરિવાર ભગવાનને અર્થે કરી રાખ્યાં છે. એક એક ભક્તો ભગવાનના પરમ વિશ્વાસે બધું છોડીને બેસી ગયા છે તો ભગવાને એમની જવાબદારી લીધી છે સુખિયા કરવાની.

ભગવાનમાં જેને પરમ વિશ્વાસ હોય.
વિશ્વાસ એટલે કે, આ મારા કલ્યાણદાતા છે,
મારું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિત મારા પ્રભુ જ કરશે.
મારા ગુરુ જ કરશે એવો જેને વિશ્વાસ છે ;
એ શ્રેષ્ઠ છે.





**ભગવાન રાજી ના થાય એવું વિચારાયું, બોલાયું, વર્તાયું હોય તો અંદરથી કચકચાઈને પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના થાય, પરિતાપ રૂપી પ્રાર્થના કરે એવા ઉપર ભગવાન કહે, અમને અતિશય વિશ્વાસ આવે છે કે, એના સંગમાં રહેશે એ બધાનું કામ થઈ જશે. આવા આપણને બધાને બનાવવા છે.**

***પછી આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, "મનમાં તો એમ નિશ્ચય છે જે, દેહ પર્યંત પરમેશ્વરના ગમતામાં જ રહેવું છે; તો પણ એમ જાણીએ છીએ જે, પરમેશ્વર ને સંતને કેમ કરીએ તો આપણો વિશ્વાસ આવે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "વિશ્વાસ તો પરમેશ્વરને ને સંતને ત્યારે આવે જ્યારે અતિશય માંદો થાય ને તે મંદવાડમાં ચાકરી પણ સારી પેઠે ન થઈ હોય તો પણ કોઈનો અવગુણ ન લે ને પોતે મૂંઝાય પણ નહીં; તથા વાંક વિના પણ પરમેશ્વર ને સંત તે પોતાનું અતિશય અપમાન કરે તો પણ કોઈનો અવગુણ ન લે; ત્યારે એનો પરમેશ્વરને ને સંતને વિશ્વાસ આવે.***

સાધુ હોય કે ગૃહસ્થ હોય સૌએ આ ધ્યાન રાખવાનું કે, ભગવાનને આપણો વિશ્વાસ કેમ આવે ? એનો જવાબ મહારાજ આપે છે, વિશ્વાસ ક્યારે આવે ? જ્યારે અતિશય માંદો થાય, બીમાર પડી જાય ત્યારે કોઈ ચાકરી ના કરે, કોઈ ધ્યાન ના આપે, કોઈ જોવા ના જાય. સાધુઓને ઘણી વખત આવું થાય, ત્યારે ભગવાનને કર્તા-હર્તા માની કોઈનો અવગુણ ના લે. ગૃહસ્થોને પણ થાય કે, અમે સારું કરતા હતા, સેવા કરતા હતા, પૈસા આપતા હતા ત્યારે તમને અમે સારા લાગતા હતા, હવે અમે બીમાર પડી ગયા તો હવે અમારી સામું કોઈ જોવા પણ નથી આવતા. પણ આ પ્રસંગ એવો હોય છે કે જેમાં ભાવફેરમાં પડી જ જવાય. એવે વખતે કોઈનો અવગુણ ના લે. ભગવાન કર્તા-હર્તા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે, મારું હિત જ કરતા હોય ! આમાં પણ મારું કંઈક સારું હશે એવું માની અવગુણ ના લે એટલું નહીં, પણ મૂંઝાય પણ નહીં, આનંદમાં જ રહે.

એક તો આવી મંદવાડની પરિસ્થિતિ હોય ત્યારે કોઈ ખબર લેવા ના આવે, કોઈ ધ્યાન ના આપે, સત્પુરુષ પણ પૂછે નહીં; ત્યારે મૂંઝાય નહીં અને અભાવ ના લે. બીજું, સત્પુરુષ વગર વાંકે ખખડાવે. વાંક ના હોય-વાંક બીજાનો હોય અને તમારું અપમાન કરે, સભા વચ્ચે ધમધમાવે. જેમ એક ભક્તરાજને શાસ્ત્રીજી-મહારાજે ધમધમાવ્યો, ત્યારે તે કહે, 'સુનો ચતુર સુજાણ, સુનો ચતુર સુજાણ, તમને આવું ના શોભે.' તો શાસ્ત્રીજી મહારાજ હસી પડ્યા.

સત્પુરુષને વિશે પ્રેમ હોય એટલે તેમનો અવગુણ ના લે, પણ જેનો વાંક હોય એનો અવગુણ લે. વગર વાંકે વઢે તોય કોઈનો પણ અવગુણ ના લે ત્યારે ભગવાનને ને સંતને વિશ્વાસ આવે કે, આને ગમે ત્યાં ફેંકીશ તો ચાલશે. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ - એમને યોગીજી મહારાજે ગમે ત્યાં ફેંક્યા, ગમે ત્યાં રાખ્યા, ગમે એવું અપમાન થયું, કોઈએ સારા ગણ્યા-ખોટા ગણ્યા, સારી-ખોટી વાતો કરી; તો પણ કોઈનો અવગુણ લીધો નહીં, કોઈના વિશે ભાવફેર કર્યો નહીં, યોગીજી મહારાજના થઈને જીવન જીવવામાં પાછા ના પડ્યા અને યોગીબાપાનું કાર્ય વધુ ને વધુ સારું થતું જાય એમાં સમગ્ર તંત્ર વાપર્યું; તો તેઓ પૂર્ણ વિશ્વાસમાં આવી ગયા, તો એમને પ્રભુની અંતરની પ્રસન્નતા મળતાં સાધુતા ખીલી ઊઠી.

***અને ત્રીજો પ્રકાર એ છે જે, જેટલા સત્સંગમાં નિયમ છે તેમાંથી જો લેશમાત્ર ફેર પડે તો અતિશય દુખાઈ જાય ને તેનું તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે. અને જો મનમાં ખોટો ઘાટ થાય તો બીજાને દેહે કરીને વર્તમાનમાં ફેર પડે તેટલો જ દુખાય ને ત્રાસ પામે. ત્યારે એનો પરમેશ્વરને ને સંતને પરિપૂર્ણ વિશ્વાસ આવે જે, 'આ કોઈ કાળે સત્સંગમાંથી ડગશે નહીં.'***

ભગવાન રાજી ના થાય એવું બોલાય, વિચારાય કે વરતાય તો તરત પ્રાયશ્ચિત્ત થાય. કંઈ થાય તો અંદરથી પ્રાર્થના થઈ જાય. ગમે એવી પરિસ્થિતિ, ગમે એવા સંજોગો, ગમે ત્યાં મૂકીશું પણ આ જરાય ડગશે નહીં; એવો અતિશય વિશ્વાસ આવી જાય. બીમારીમાં સેવાઓ ના થઈ, પરિસ્થિતિ ગમે એટલી વિપરીત હોય, વગર વાંકે વઢે તોય ભાવફેર ના થાય અને ભગવાન રાજી ના થાય એવું વિચારાયું, બોલાયું, વર્તાયું હોય તો અંદરથી કચકચાઈને પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના થાય, પરિતાપ રૂપી પ્રાર્થના કરે એવા ઉપર ભગવાન કહે, અમને અતિશય વિશ્વાસ આવે છે કે, આને ગમે એવી પરિસ્થિતિ, સંજોગો હશે તોપણ સત્સંગમાં પાછો નહીં પડે, મોળાશ પણ નહીં આવે. એના સંગમાં રહેશે એ બધાનું કામ થઈ જશે. આવા આપણને બધાને બનાવવા છે.

જય સ્વામિનારાયણ ! ◆